# પશુમાં સામાન્ય રોગો અને ઘરગથ્થુ ઉપચારો

ડૉ. આર. બી. મકવાણા, ડૉ. જે.કે. ચૌધરી, ડૉ. એમ.આર. પરમાર અને ડૉ. જી.બી.સોલંકી
પશુ ઉછેર કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ

---

## (૧)

## સામાન્ય અપચો

પશુના ખોરાકમાં અચાનક ફેરફાર થવાથી કે હલકા પ્રકારનું ઘાસ ખવડાવવામાં અથવા પચે નહીં તેવો ખોરાક આપવાથી સામાન્ય અપચાની તકલીફ અવારનવાર જોવા મળે છે.

➢ **<u>લક્ષણો :–</u>**

(૧) પશુ સુસ્ત રહે છે.
(૨) ખોરાક લેવામાં અરૂચી દાખવે. થોડુ ખાય ન ખાય તેવું કર્યા કર છે.
(૩) બેચેની અનુભવે છે.
(૪) કેટલીક વખત કબજીયાતની તકલીફ પણ જોવા મળે છે. જેમાં પોદરો કઠણ આવે અને પોદડો કરતી વખતે પશુ તાણ અનુભવે છે.

❖ **<u>ઘરગથ્થું ઉપચાર :–</u>**

જો કબજીયાત જેવું જણાતું હોય તો નીચેના માંથી કોઈપણ એક ઉપાયો કરવો.

(૧) ૫૦૦ ગ્રામ દિવેલામાં ૫૦ ગ્રામ દળેલી સુંઠ નાંખી હલાવી પીવડાવવું. (પુખ્ત વયના પશુ માટેનો ડોઝ છે.)
અથવા
(૨) ૫૦૦ ગ્રામ વિલાયતી મીઠાને આશરે એક લીટર પાણીમાં ઓગાળીને નાળ વાટે પીવડાવવું.
(૩) કબજીયાત ના કેસમાં પશુને હુંફાળું પાણી પીવડાવવું અને લીલોચારો આપવો.
(૪) જો પશુને કબજીયાતની તકલીફ ન હોય તો ૫૦ ગ્રામ દળેલી સુંઠમાં ૨૫૦ ગ્રામ જેટલો ગોળ તથા પ્રમાણસર ઘી કે તેલ નાંખી લાડું બનાવી ખવડાવી દેવો. આ પ્રકારે બે ત્રણ દિવસ લાડુ ખવડાવવો.
અથવા
(૫) હીમાલયન બતીસા નામનો આયુર્વેદિક પાવડર જે બજારમાં ઉપલબ્ધ છે તે ૫૦ ગ્રામ લઈ તેમાં થોડો ગોળ કે ઘી કે તેલ નાંખી લાડુ બનાવી ત્રણ દિવસ ખવડાવવો.

✓ **<u>અટકાવવાના ઉપાયો :–</u>**

(૧) ખોરાકમાં એકાએક ફેરફાર ન કરવો જોઈએ.
(૨) હલકા પ્રકારનું ઘાસ ન આપવું જોઈએ. ફકત સુકુ ઘાસ જ આપ્યા કરો તો પણ તકલીફ થાય તેથી તેનું ધ્યાન રાખવું. સુકા સાથે થોડુ લીલું પણ આપવાનું રાખો અને પશુને જોઈએ તેટલુ ચોખ્ખું પાણી પણ પીવડાવો.
(૩) ફુગાયેલ ખોરાક ન ખવડાવો ખાસ કરીને ચોમાસામાં તેવો ખોરાક જોવા મળે છે.
(૪) વધુ પડતું અનાજ ન ખવડાવો.
(૫) પચી ન શકે તેવો કોઈપણ પ્રકારનો ખોરાક ન આપવો જોઈએ.

## ઝાડા અથવા અતિસાર

દરેક પશુને આ રોગ થઈ શકે છે, પરંતુ નાના બચ્ચાઓમાં વધારે જોવા મળે છે.

➢ **લક્ષણો :–**

(૧) ઝાડા થઈ જાય છે. કેટલીક વખત ઢીલા તો કોઈવાર પાણી જેવા થઈ જાય છે. કયારેક બહુ ગંધાય છે.
(૨) ખાવામાં અરૂચી દાખવે છે.
(૩) ઝાડા વાટે શરીરમાંથી ઘણું પાણી નીકળી જવાથી પશુની ચામડી સુકી થઈ જાય, આંખ ફીકકી પડી જાય તેમજ ઉંડી ઉતરી જાય અને પશુ અશકત થઈ જાય છે.
(૪) દુધ ઉત્પાદન ઘટી જાય છે.
(૫) પશુ એક જગ્યાએ બેસી રહે, હરવા ફરવાનું ગમે નહીં.

❖ **ઘરગથ્થું ઉપચાર :–**

(૧) પુખ્ત વયના પશુને આશરે ૪૦૦ ગ્રામ કચુકાનું ચુર્ણ બનાવી ૧ લીટર છાસમાં મિશ્ર કરી પીવડાવવું.
અથવા
(૨) ચુનાનું નિતર્યુ પાણી અડધો લીટર લઈ તેમાં ૧૦ ગ્રામ કાથો અને ૧૦ ગ્રામ સુંઠનો પાવડર મિશ્ર કરી નાળ વાટે પાવું.
(૩) ચોક, કાથો, ભુતડો માટી અને કોલસાનો ભુકો બચ્ચાઓમાં ૧૦ ગ્રામ મીઠું, ૧૦૦ ગ્રામ ખાવાનો સોડા અને ૫૦ ગ્રામ સાકર થોડા પાણીમાં મિશ્ર કરી પીવડાવતાં રહેવું મોટા પશુને ૨૫૦ ગ્રામ ગોળને એક ડોલ પાણીમાં ઓગાળીને તેમાં ૧૫ ગ્રામ મીઠું નાંખી દરરોજ પીવડાવવું.
(૪) નજીકના પશુ દવાખાને જઈ ડોકટરની સલાહ મુજબ કૃમિનાશક દવા આપવી.

✓ **અટકાવવાના ઉપાયો :–**

(૧) પશુને દુષિત ખોરાક ન ખવડાવવો. ચોખ્ખો ખોરાક આપવો.
(૨) દુષિત પાણી ન પીવડાવવું. ચોખ્ખુ પાણી પાવું.
(૩) ફુગવાળો ચારો ન ખવડાવવો.
(૪) અચાનક લીલું ઘાસ વધુ પડતું ન ખવડાવવું.
(૫) હવામાનથી રક્ષણ આપવું.
(૬) ડોકટરની સલાહ મુજબ કૃમિનાશક દવા દર છ મહિને અથવા મડામાં મોડી દર વર્ષો તો અક ખવત આપવી જ.

## (૩)

## આફરો

વાગોળનારા પશુઓમાં આફરો અવાર–નવાર જોવા મળતો રોગ છે. આ રોગ પેટમાં ગેસનો વધુ પડતો ભરાવો થઈ જાય છે. કેટલીક વખત તો પશુ વધુ પડતું આફરી જવાથી એકદમ નીચે પડતું મુકે છે અને આવા વખતે જો સમયસર યોગ્ય સારવાર ન મળે તો પશુનું મૃત્યુ પણ થાય છે.

➢ **લક્ષણો :–**

(૧) પેટની ડાબી તરફ વારંવાર જોયા કરે છે.
(૨) પેટનું ડાબુ પડખું ફુલી જાય છે. જો તેના પર થપાટ મારો તો ઢોલના અવાજ જેવો અવાજ સંભળાય છે.
(૩) પશુ ખાવા પીવાનું બંધ કરે અથવા અરૂચી દાખવે છે. બેચેન રહે છે.
(૪) મોઢામાં જીચ બહાર કાઢે છે.
(૫) પેટમાં વધુ પીડા થાય ત્યારે ઉઠ–બેસ કર્યા કરે અને પછી પેટ પર લાતો મારે છે અથવા જમીન પર આળોટવા માંડે છે.

(૬) શ્વાસોશ્વાસમાં તકલીફ પડે છે. હદયના ધબકારા અને શ્વાસોશ્વાસ વધી જાય છે.

(૭) વધુ પડતો ગેસ ભરાઈ ગયો હોય અને ખુબ જ તકલીફ હોય તેવા કેસમાં યોગ્ય સારવાર તાત્કાલીક ન મળે તો પશુ મોતને ભેટે છે.

### ❖ <u>ઘરગથ્થું ઉપચાર :–</u>

આફરો ચઢવાની શરૂઆતમાં જ નીચે મુજબનો ઘરગથ્થું ઉપચાર કરવો.

(૧) ૫૦૦ ગ્રામ ખાવાના તેલમાં ૨૫ ગ્રામ હીંગ, ૫૦ ગ્રામ અજમો, ૫૦ ગ્રામ સંચળ અને ૫૦ ગ્રામ સુંઠ મીક્ષ કરીને નાળ વાટે પીવડાવવું. હીંગ, અજમો, સંચળ અને સુંઠનો પાવડર બનાવવો તેલમાં મીક્ષ કરી અંતરસ ન જાય તે રીતે કાળજી પુર્વક નાળ વાટે પીવડાવવું.

અથવા

(૧) ૫૦૦ ગ્રામ ખાવાના તેલમાં ૫૦ ગ્રામ ટરપેન્ટાઈન તેલ મિક્ષ કરીને નાળ વાટે પીવડાવવું.

અથવા

(૨) કશું ન મળે તો ૫૦૦ ગ્રામ ખાવાના તેલમાં ૨૫ ગ્રામ દળેલી હીંગ નાંખી, મીક્ષ કરીને પીવડાવી દેવું.

ઉપરોકત કોઈપણ એક ઉપચાર કરીને થોડું ચાલાવવું. ઉપરોકત ડોઝ પુખ્ત વયના માટે છે. મધ્યમ પ્રકારના પશુને તેનાથી અડધો તથા બચ્ચાઓને તેનો ચોથા ભાગનો આપી શકાય.

### ✓ <u>અટકાવવાના ઉપાયો :–</u>

(૧) તાજો રચકો તથા કઠોળ વર્ગનો લીલોચારો વધુ પડતો ન ખવડાવવો.

(૨) ચોમાસામાં ભેજવાળો લીલોચારો વધુ ન આપવો, વધુ પડતા વટાણા, કોબીજ કે બટાટા ન ખવડાવવા. લગ્નના પ્રસંગનો એઠવાડો ન ખાવા દેવો.

(૩) ખોરાકમાં લીલાચારા સાથે સુકો ચારો પણ આપવાનું રાખો.

(૪) ઘાસમાં લોખંડની કે પ્લાસ્ટીકની ધારદાર વસ્તુઓ જેવી કે ખીલી, તાર, સોય, ટુકડા વિગેરે આવી જાય તો ઘાસની સાથે ભળે તેવી વસ્તુઓ પશુ ખાઈ જાય છે અને તેનાથી પણ આફરો ચઢે છે. તેથી ખોરાક ચોખ્ખો આપવો. ચરાવવા જાવ તયારે પણ આ બાબતનું ધ્યાન રાખવું જોઈએ. આ પ્રકારની વસ્તુઓ ખાઈ જવાથી ઘણી વખત છાતીનો પડદો ફાટી જાય છે અને પછી મોટુ ઓપરેશન કરાવવું પડે છે.

(૫) સમતોલ આહાર આપવો જોઈએ.

## (૪)
## આંખો આવવી.

કેટલીક વખત ચેપને કારણે પશુની આંખો લાલ ચોળ થઈ જાય છે. શરૂઆતમાં આંખોમાંથી પાણી ઝરે છે. ત્યારબાદ ચીપીયા થાય છે. ઘટ પરૂ જેવો સ્ત્રાવ ઝરે છે. માંખો બેસે છે અને પશુ પરેશાન થઈ જાય છે.

### ❖ <u>ઘરગથ્થું ઉપચાર :–</u>

ચોખ્ખા પાણીથી (નવશેકું) આંખો વારંવાર ધોવી જોઈએ. દર બે ત્રણ કલાકે પાણીથી આંખો ધોવાનું રાખો અને શકય હોય તો બોરીક એસીડના દ્રાવણીથી ધોવી. બોરીક એસીડ પાવડર થોડા પાણીમાં નાંખી તેને હલાવી અને તેનાથી આંખો સાફ કરવાનું રાખવાથી વધુ ફાયદો થાય છે. વધુ તકલીફ જણાય તો ડોકટરને મળી આંખમાં નાંખવાના ટીપા કે ટયુબ લાવીને આંખમાં આંજી શકાય. પ્રાથમિક સારવાર તરીકે આંખમાં નાખવાની લાલ દવા (મસ્કયુરોક્રોમ) પણ લોકો આંખોમાં આંજતા હોય છે.

### ✓ <u>અટકાવવાના ઉપાયો :–</u>

(૧) આંખોની નિયમિત સાફ–સુફી રાખવાથી અટકાવી શકાય છે.

(૨) પશુને નિયમિત રીતે નવડાવવાથી અને સ્વચ્છતા રાખવાથી અટકાવી શકાય.

(૩) અન્ય ચેપી પશુને દુર રાખવું.

## (૫)
## મચકોડ–સ્નાયુ પર માર પડવો

પશુ અચાનક ખાડામાં કે કયાંક પડી જવાથી કે પછી મુઢ માર વાગવાથી, વધારે ભાર વહન કરવાથી કે વસ્તુ અથડાવવાથી કેટલીક વખત સ્નાયુ પર ઈજા થાય છે.

➢ **લક્ષણો :–**

જે ભાગ પર અસર થાય તે ફુલી જાય છે. લાલ થઈ જાય છે. ખુબ જ દુ:ખાવો થાય છે. પશુ લંગડાય છે. કાર્ય શકિત અને દુધ ઉત્પાદનમાં ઘટાડો થઈ જાય છે.

❖ **ઘરગથ્થું ઉપચાર :–**

(૧) વધુ તકલીફ જણાતી હોય તો તાત્કાલીક ડોકટરનો સંપર્ક કરવો. યોગ્ય નિદાન અને સારવાર કરવી.
(૨) સ્નાયુઓની સાધારણ ઈજામાં બરફ ઘસવો અથવા કપડામાં બરફ રાખી સોજાવાળા ભાગ પર રાખવું.
(૩) મીઠું અને હળદર લઈ પાણી નાંખી તેને સહેજ જ ગરમ કરી લેપ કરી શકાય.
(૪) કાળો મલમ પણ લગાવી શકાય. પશુને પુર્ણ આરામ આપવો. કામન લેવું.
(૫) કેટલીક વખત સ્થિતી પ્રમાણે ગરમ પાણીમાં મીઠું નાંખી શેક પણ કરવામાં આવે છે.

## (૬)
## હડકાયું કુતરૂ કરડવું

પશુઓને અને માણસોને અવાર–નવાર હડકાયા કુતરા કરડતા હોય છે. ત્યારબાદ તાત્કાલીક રસી મુકાવવી પડતી હોય છે અને પીડા સહન કરવી પડે છે. કેટલીક વખત માણસ કે પશુને હડકવાનો રોગ લાગ પડી જાય અને મૃત્યુ પણ પામે છે.

જયારે પણ હડકાયું કુતરૂ કરડે (માણસને કે પશુને) કે તરત ઘા ને પુષ્કળ પાણીથી ધોઈ નાંખો અને ત્યારબાદ સાબુના પાણીથી ધોઈ નાંખો. પાણીથી ઘા ને બરાબર સાફ કરવો. વૈજ્ઞાનિક સંશોધનના તારણો એવા છે કે હડકાયેું કુતરૂ કરડયા બાદ તરત ઘા ને ઉપર મુજબ કહયુ તેમ સાબુના પાણીથી બરાબર ધોઈ નાંખવામાં આવે તો તમે ૮૦ % તો સલામત થઈ  જ જાવ કદાચ તેનાથી વધુ પણ ઓછું નહીં, કારણ કે સાબુના પાણીથી ઘા ને સાફ કરવાથી હડકવાના વિષાણુઓ મરી જાય છે અને ઘા માંથી બહાર નીકળી જાય છે. ત્યારબાદ રસી તો મુકાવી દેવાની જ જેથી તે પુરતુ રક્ષણ મળી રહે.

ઘણા લોકો હડકાયું કુતરૂ કરડે તયારે દવાખાને જવા દોડાદોડી કરી મુકે તો અમુક લોકો કુતરાને મારવામાં પડી જાય છે. પરંતુ ઘા સાફ કરવાનું ચુકી જાય છે. ત્યારબાદ ઘા ને સાફ કર્યા વગર જ દવાખાને લઈ જતા હોય છે. આમ કરવાથી ઘા માં રહેલા વિષાણુંઓ તેનું કામ કરતા થઈ જાય છે અને આગળ વધે છે. આમ આપણે આજ થી એટલું યાદ રાખીએ કે જયારે પણ આપણને કે પશુને હડકાયું કુતરૂ કરડે કે તુરંત ઘા ને સાબુના પાણીથી બરાબર સાફ કરીશું અને ત્યારબાદ દવાખાને રસી મુકાવવા જઈશું. (ઘા સાફ કર્યા પછી જો ઘેર હોય તો બીટાડીનનું દ્રાવણ લગાવી દેવું.) જેથી આપણે કે પશુ ઘણા સલામત થઈ જઈએ અને આવા જીવલેણ રોગથી બચી શકીએ.

## (૭)
## આંચળ ફાટવા

દુધાળા પશુમાં જો ઠંડીની ઋતુમાં બરાબર રક્ષણ ન મળ્યુ હોય અને સ્વચ્છતા રાખવામાં ન આવતી હોય તથાજીવાણુંઓનો ઉપદ્રવ હોય તો આંચળ ફાટી જતા હોય છે. આંચળની ચામડીમાં ચીરા પડે છે. જેવી રીતે માણસોને પગમાં વાઢીયા પડે છે.

➢ **લક્ષણો :–**

આંચળ પર ચીરા પડે, ખુબ પીડા થાય, કોઈ વખત તેમાંથી લોહી પણ નીકળે જીવાણું દાખલ થાય તો પરૂ પણ થાય.

❖ **ઘરગથ્થું ઉપચાર :–**

પશુને દોહનાર વ્યકિતએ હાથમાં વીંટીઓ ન પહેરવી જોઈએ. નખ પણ કાપી નાંખવા જોઈએ અને ધીરે–ધીરે દોહવું જોઈએ. દોહયા બાદ આંચળને ચોખ્ખા પાણીથી અને પી.પી. ના દ્રાવણથી સાફ કરી તેમાં ગાયનું ઘી અથવા દિવેલ લગાવવું.

ત્રણ ચાર દિવસમાં રાહત થઈ જશે. ઝીંક ઓકસાઈડનો મલમ પણ ખુબ જ અસરકારક છે. ઠંડીની ઋતુમાં પશુને ઠંડીથી રક્ષણ મળી રહે તેમ સાચવવું. સ્વચ્છતા જાળવવી અને સમતોલ આહાર આપવો જેથી આ તકલીફ થતી અટકે.

## (૮)

## લુ લાગવી

પશુઓને ગરમી સામે રક્ષણ મળવાની સુવિધા ઘણી જ મર્યાતિ હોય છે. તેથી તેઓને ગરમી વધુ પડતી ભોગવવી પડતી હોય છે અને પશુઓ લુ ના ભોગ બનતા હોય છે. પશુઓને નીચેના સંજોગોમાં લુ લાગી શકે છે.

(૧) ઉનાળામાં તડકાથી રક્ષણ ન મળતુ હોય તેવા રહેઠાણમાં પશુને રાખવાથી.

(૨) સખત ગરમીમાં પશુ દ્વારા કામ લેવાથી.

(૩) અયોગ્ય સગવડમાં ઉનાળામાં પશુને ગાડી કે ટ્રકમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર કરવાથી.

(૪) પશુ વધુ ચરબીવાળુ, નાના બચ્ચા હોય અથવા વૃધ્ધ હોય તો લુની જલ્દીથી અસર થઈ જાય છે.

➢ **<u>લક્ષણો :–</u>**

(૧) પશુને બેચેની જણાય તથા શરીર ખુબ ગરમ થઈ જાય.

(૨) મોઢેથી શ્વાસ લે છે અને શ્વાસોશ્વાસ ઝડપી થઈ જાય છે.

(૩) જીભ બહાર કાઢે છે.

(૪) મોંઢામાં અને નસકોરામાંથી ફીણવાળો સ્ત્રાવ ઝરે છે.

(૫) આંખો લાલ થઈ જાય છે, હદયના ધબકારા વધી જાય છે.

(૬) વધુ તકલીફ થતાં પશુ નીચે પડતુ મુકે છે. આંચકી આવે અને બેભાન પણ થઈ જાય છે અને સમયસર સારવાર ન મળે તો મૃત્યુ પણ પામે છે.

(૭) ગાભણ પશુને ગર્ભપાત થઈ જાય છે.

❖ **<u>ઘરગથ્થું ઉપચાર :–</u>**

(૧) પશુને છાંયડામાં લઈ જાવ અથવા જયાં હોય ત્યાં છાંયડાની વ્યવસ્થા કરવી. નજીકમાં વૃક્ષ હોય તો તેની છાયામાં રાખવું.

(૨)ઠંડા પાણીથી નવડાવો અથવા શરીર ઉપર બરફ ઘસવો ત્યારબાદ ઠંડા પાણીમાં પલાળેલ કપડું શરીર પર રાખવું.

(૩) ઠંડુ પાણી પીવડાવવું.

(૪) શકય હોય તો પંખાની સગવડ પુરી પાડવી.

✓ **<u>અટકાવવાના ઉપાયો :–</u>**

(૧) પશુ ગરમીથી રક્ષણ મળી રહે તે પ્રકારનું રહેઠાણ હોવું જોઈએ. પુરતી હવા મળી રહે તે પણ જોવું હવાની અવર જવર જરૂરી છે.

(૨) ખુબ ગરમી હોય ત્યારે પશુના રહેઠાણની જગ્યાએ શણના કોથળાને પાણીમાં પલાળીને લટકાવવા જોઈએ.

(૩) પીવાનું પાણી જોઈએ તેટલું શકય હોય તો ઠંડુ અને તાજુ મળ રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. ઉનાળામાં પુખ્ત વયના પશુને (ગાય–ભેંસ) ૫૦ થી ૬૦ લીટર પાણી જોઈએ. દુધ આપતા પશુને તેનાથી પણ વધુ પાણી જોઈએ.

(૪) પાણીની અછત હોય તો દરરોજ એક વખત પશુને નવડાવવું જોઈએ. થોડું પાણી હોય તો પાણી પશુના શરીર પર છાંટો અથવા પાણીમાં પલાળેલ કપડું શરીર પર રાખવું.

(૫) શકય હોય તો પંખાની વ્યવસ્થા કરી શકાય.

(૬) બપોરના પશુને ટ્રક કે ટ્રેકટરમાં સ્થળાંતર કરાવવું નહીં.

(૭) નાના બચ્ચાઓ અને ઘરડા પશુને ખાસ સાચવવા.

(૮) પરદેશી ઓલાદો અને સંકર ઓલાદની ગાયોને ગરમીની અસર જલ્દીથી થઈ જાય છે, તેથી તેવા પશુ રાખતા હોય તેમણે ખાસ ધ્યાન રાખવું જોઈએ.

****************